માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક

# કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર

# માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક બિનસરકારી ગ્રાન્ટેડ શાળાની વર્ગ મંજૂરી અંગેના ધારા ધોરણો

→ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના તા.૦૭-૧૨-૨૦૨૩ ના ઠરાવ થી જ્યાં એક જ સ્થળે સરકારની અથવા એક જ મંડળની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કાર્યરત છે તેવી શાળાઓના અસરકારક અને કાર્યક્ષમ સંચાલનના હેતુ માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના ધોરણ-૯ થી ૧૨નું સળંગ એકમ ગણવાનું અને આવી શાળાઓને “ઉચ્ચતર માધ્યમિક શાળા” તરીકે નામાભિધાન કરવાનું રહેશે.આવી શાળાઓનું સિંગલ રજિસ્ટ્રેશન નંબર આપવાની કાર્યવાહી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવશે. <u>જે શાળામાં ફક્ત ધોરણ ૯,૧૦ ગ્રાન્ટેડ વર્ગો છે ત્યાં ધોરણ ૧૧ સળંગ એકમ ગ્રાન્ટેડ વર્ગ મંજુર કરવાની જોગવાઈ</u> કરવામાં આવેલ છે જેનું યોગ્ય પાલન કરવાનું રહેશે.

→ શિક્ષણ વિભાગના તા.૦૭-૧૨-૨૦૨૩ના ઠરાવ અનુસાર જે તે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં Aadhar Enabled District Information System for Education (DISE) અને Child Tracking System (CTS) ના આધારે શાળામાં ધોરણ-૧૧માં વિદ્યાર્થી સંખ્યા ગ્રામ્ય વિસ્તારમાં <u>૨૪</u> અને શહેરી વિસ્તારમાં <u>૩૬</u> હોય ત્યાં ધોરણ-૧૧નો પ્રથમ વર્ગ માટે ધ્યાને લેવામાં આવશે.

→ ધોરણ-૧૧ના પ્રથમ ક્રમિક વર્ગના મંજુરી પત્ર સાથે જ ધોરણ ૧૨ના પ્રથમ ક્રમિક વર્ગની મંજુરી મળી જશે પરંતુ, ધોરણ-૧૨માં નિયત લઘુતમ વિદ્યાર્થી સંખ્યા ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ અને શહેરી વિસ્તારમાં ૩૬ વિદ્યાર્થી સંખ્યા જાળવવાની શરતે વર્ગ વધારાની મંજૂરીનો પત્ર નિયામકશ્રી, શાળાઓની કચેરી દ્વારા જનરેટ કરવાનો આવશે.

→ શિક્ષણ વિભાગના તા.૦૭-૧૨-૨૦૨૩ના ઠરાવ અનુસાર વધારાના વર્ગ માટે Aadhar Enabled District Information System for Education (DISE) અને Child Tracking System (CTS) અનુસાર શાળામાં દરેક ધોરણના માન્ય વર્ગમાં ગુજરાત માધ્યમિક શિક્ષા વિનિયમો-૧૯૭૪ના વિનિયમ નં.૯(૧૩)(૩) ની જોગવાઇ મુજબ જે તે શૈક્ષણિક વર્ષમાં ૬૦ વિદ્યાર્થીઓની રજીસ્ટર્ડ વિદ્યાર્થી સંખ્યા હોવી જોઇએ.ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની શાળામાં જે તે ધોરણના વધારાના વર્ગ માટે ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ અને શહેરી વિસ્તાર માટે ૩૬ લઘુત્તમ રજીસ્ટર્ડ વિદ્યાર્થી સંખ્યા ધરાવતા હોવા જોઇએ (ઉ.દા. જે તે ધોરણના બીજા વર્ગ વધારા માટે ગ્રામ્ય વિસ્તાર માટે : ૬૦+૨૪ અને શહેરી વિસ્તાર માટે: ૬૦+૩૬.... તે રીતે ત્રીજા, ચોથા, પાંચમા....એમ ક્રમ અનુસરવાનો રહેશે), ધોરણ-૯ તથા ધોરણ ૧૧ના વધારાના વર્ગોની મંજૂરી સાથે જ ધો-૧૦ તથા ધોરણ ૧૨ના ક્રમિક વધારાના વર્ગો યુનિટ તરીકે એક સાથે જ મંજૂર ગણાશે.(ઉ.દા. ધોરણ ૯નો ત્રીજો વર્ગ મંજુર થાય તે જ વર્ષે ધોરણ ૧૦નો ત્રીજો વર્ગ યુનિટ તરીકે મંજુર ગણાશે.) પરંતુ આ રીતે યુનિટ રૂપે મળેલ ધોરણ ૧૦ અને ધોરણ

૧૨ના વર્ગ ધોરણ ૯ અને ધોરણ ૧૧ના વર્ગ જે શૈક્ષણિક વર્ષથી શરૂ થાય તે પછીના વર્ષથી નિયત વિદ્યાર્થી સંખ્યા જળવાયેથી શરૂ કરવાના રહેશે.તેમજ વધારાના વર્ગનું મહેકમ વર્ગ શરૂ થાય તે વર્ષે મંજૂર થશે.

→ ધો-૯ અને ૧૦ ના વર્ગ ધરાવતી અનુદાનિત શાળા જે માધ્યમમાં કાર્યરત હોઈ તે જ માધ્યમ માટે સળંગ એકમ હેઠળ ધો-૧૧ ના વર્ગની અરજી કરવાની રહેશે.

→ શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક:ED/GOM/E-FILE/3/2023/3163/ G-1 તા.૨૧/૧૦/૨૦૨૪ અન્વયે નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

1. માત્ર ધો-૯ અને ૧૦ ના વર્ગ ધરાવતી અનુદાનિત શાળા દ્વારા સળંગ એકમ હેઠળ જે-તે પ્રવાહ ના ધો-૧૧ ના પ્રથમ ક્રમ વર્ગની માંગણી કરવામાં આવે તે શાળાની ૭ કિમી ની ત્રિજ્યામાં તે જ પ્રવાહની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા કાર્યરત હોઈ તો તે સરકારી ઉચ્ચતર શાળાનું " ના - વાંધા પ્રમાણપત્ર " મેળવવાનું રહેશે .
2. અનુદાનિત શાળા વર્ગ વધારો આપતાં તેની ૭ કિમી ત્રિજ્યાની અંદર હયાત સરકારી/ગ્રાંટેડ શાળા ના વર્ગોની સંખ્યાને અસર ન થાય તે જોવાની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારીની રહેશે.
3. સ્વ-નિર્ભર શાળા બંધ કરવા અને તે શાળાના શૈક્ષેણિક અને બિન શૈક્ષણિક તમામ કર્મચારીઓને છુટા કરવા અંગે શાળા મંડળે સ્વ - ઘોષણાપત્રમાં બાહેંધરી આપવાની રહેશે. આ મુજબની કાર્યવાહી શાળા મંડળ દ્વારા ન કરવાના સંજોગોમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેની તમામ નાણાકીય જવાબદારી શાળા મંડળની રહેશે તેમજ શાળા મંડળ સામે ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની કલમ ૩૩(૧) મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

→ શાળા પાસે નીચે મુજબની ભૌતિક સુવિધાઓ હોવી જોઇશે.

- વર્ગખંડોની જોગવાઇ- દરેક વર્ગખંડનું ક્ષેત્રફળ મા.શિ. વિનિમય નં. ૯(૧૩)(૨)ની જોગવાઇઓ મુજબ ઓછામાં ઓછું ૪૦૦ ચો.ફૂટ અને વિધાર્થી દીઠ ૬ચો.ફૂટ જાળવવાનું રહેશે.
- વર્ગખંડોમાં લાઇટ પંખાની પર્યાપ્ત સુવિધા
- પીવાના પાણીની વ્યવસ્થા હોવી જોઇએ.
- આરોગ્ય વિષયક સગવડો પર્યાપ્ત હોવી જોઇએ.
- સી.સી.ટી.વી. કેમેરા
- ફાયર સેફટી અંગેની વ્યવસ્થા.
- શાળાના મકાન અંગે બી.યુ.પરમીશનનાં પ્રમાણપત્ર/મકાનના રજિસ્ટર્ડ સ્ટ્રકચરલ એન્જીનીયરીંગનું પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે.

**માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક**

→ રમતગમતના મેદાન અંગે શિક્ષણ વિભાગના તા.૦૪-૦૫-૦૯ના પત્રથી આપેલ સુચનાનુસાર વર્ગવધારો મંજુર કરતી વખતે શાળાની નોંધણી સમયે રજૂ કરેલ મેદાનના આધારો ધ્યાને લેવામાં આવશે.

→ વર્ગ વધારા અંગે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સ્થળ તપાસના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના અભિપ્રાય તથા સરકારશ્રી દ્વારા વખતોવખત ઠરાવવામાં આવતા ઠરાવો, જોગવાઈઓ અને સુચનાઓને ધ્યાને લેવામાં આવે છે.

→ ઉપરોક્ત નોર્મ્સ ઉપરાંત કમિશનર શાળાઓની કચેરી દ્વારા વર્ગ વધારો મંજુર/નામંજુર કરવા અંગે વિવેકાધીન નિર્ણય કરવામાં આવશે.

→ લઘુમતી શાળાઓને પણ ઉપરોક્ત ધોરણો લાગુ પડશે.

**નોંધ : જુન-૨૬ થી જે ગ્રાંટેડ શાળાઓને ધો-૯ અને ધો-૧૧ વર્ગ વધારો કમિશનર શાળાઓની કચેરી દ્વારા આપવામાં આવેલ છે તેમને જુન-૨૫ થી ધો-૧૦ અને ધો-૧૨ ની વર્ગ વધારાની મંજુરી આપેલ છે તેમને તે વર્ગ માટે ઓનલાઈન અરજી કરવાની રહેતી નથી.**